ગાંધીનગર સમાચાર

# તમને જેમાં આનંદ આવે, જીવનમાં તે કામ કરજો : અભિનેતા યશ સોની

**કએસવીના સંગત-૨૦૨૨ના શુભારંભે યુવાનોને "ચિંતન"નો સંદેશ : બે દિવસીય યુવક મહોત્સવમાં કુલ ૨૮ જેટલી સ્પર્ધાઓમાં ૩૨ કોલેજોના ૧૧૦૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે.**







ગાંધીનગર, તા.૧૬

મને અભિનય કરવામાં આનંદ આવે છે એટલે હું તે કરું છુ, તમને પણ જે પ્રવૃતિમાં આનંદ આવે તે જ કામ જીવનમાં કરજો" તેવું સુપ્રસિદ્ધ ગુજરાતી યુવા અભિનેતા યશ સોનીએ કહેતાં જ સે.૨૩માં કડી કેમ્પસ સ્થિત વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરેલો ખીમજીભાઈ વિસરામ હોલ તાળીઓના ગડગડાટ અને ચિચિયારીઓથી ગુંજી ઉઠ્યો હતો. 'છેલ્લો દિવસ', 'શું થયું?', 'ચાલ જીવી લઈએ', 'નાડી દોષ' અને 'ફક્ત મહિલાઓ માટે' જેવી સુપરહિટ ગુજરાતી ફિલ્મોના યુવા અભિનેતા યશ સોનીએ આજે કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવ "સંગત-૨૦૨૨"નો આનંદમય શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે નિખાલસપણે કબુલ્યું હતું કે "હું પણ મારી કોલેજના યુવક મહોત્સવના નાટકોમાં ભાગ લઈને જ અહીં સુધી પંહોચ્યો છું અને મને જીવનમાં જે પણ કંઇ મળ્યું છે તેના માટે હું હંમેશા "આભારી" રહ્યો છું.

શહેરની કેએસવી યુનિવર્સિટી સંલગ્ન શ્રી એમ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ કોલેજના યજમાન પદે યોજાયેલા બે દિવસીય યુવક મહોત્સવમાં યુનિવર્સિટીની ૩૨ કોલેજોના ૧૧૦૩ વિદ્યાર્થીઓએ આ યુવક મહોત્સવમાં ૨૮ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લઈને પોતાની કલા-કૌશલ્ય પ્રસ્તુત કરી રહ્યાં છે. “પાવર ટુ એમ્પાવર”ની થીમ આધારિત આયોજિત યુવક મહોત્સવ સંગત-૨૦૨૨ના પ્રારંભે સે.૧૫ના એલડીઆરપી કેમ્પસથી રેલી યોજાઇ હતી જેનું પ્રસ્થાન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ગાર્ગી રાજપરાએ કરાવ્યું હતું. આ પ્રસંગે રજિસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા, એમ.એમ. પટેલ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કેયુર શાહ સહિત યુનિવર્સિટી સંચાલિત વિવિધ કોલેજોના ડાયરેકટર, પ્રિન્સિપાલ સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. આ રેલી સે-૨૩માં ખીમજીભાઈ વિસરામ હોલ પંહોચી હતી. ઉદઘાટન કાર્યક્રમમાં યશ સોનીએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા સાથે તેમના સચાલોના પ્રમાણિકતાપૂર્વક જવાબ આપ્યાં હતાં. આ સમયે યશ સોનીની નિખાલસતા અને સાદગી સૌ કોઈને સ્પર્શી ગઇ હતી. યુનિવર્સિટીના ચેરમેન વલ્લભભાઈ પટેલે ઓનલાઈન સંબોધનમાં કહ્યું હતું કે "યુથ ફેસ્ટિલએ આપના વ્યકિતત્વને ખીલવવા માટે એક પાયાની કડી સમાન છે. જે તમારા માટે યાદગાર બની રહે એવી શુભેચ્છાઓ." યજમાન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કેયુર શાહે સંગત-૨૦૨૨ની રૂપરેખા આપી હતી.

### ચિંતા ના કરો, ચિંતન બધુ સંભાળી લેશે"



'છેલ્લો દિવસ' વાળું જીવન મારું હજુ ચાલુ જ છે, મારા માટે કોલેજ કાળમાં યુવક મહોત્સવ સૌથી મહત્વનો દિવસ રહેતો હતો કેમકે તેમાં નાટકો કરીને તો હું અહીં સુધી પંહોચ્યો છું તેવું વિદ્યાર્થીઓને કહેતા તાજેતરની હીટ ગુજરાતી ફિલ્મ "ફક્ત મહિલાઓ માટે"ના "ચિંતન" ઉર્ફે યશ સોનીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે "ગુજરાતી દર્શકો ખુબ જ એક્ટિવ હોય છે, અર્બન ફિલ્મો સાથે સાથે ગ્રામ્ય સંસ્કૃતિવાળી ફિલ્મો પણ બનતી રહેવી જ જોઈએ. તેમણે રાજ્ય સરકારની નવી સિનેમેટીક પોલિસીના વખાણ કર્યા હતા તેમજ અર્બન ફિલ્મોમાં ગુજરાતી ભાષાના ઉપયોગ અંગે જણાવ્યું હતું કે "છેલ્લો દિવસમાં બોલચાલની ભાષાનો પ્રયોગ કરાયો હતો, હું ઈચ્છુ છું કે સાહિત્યિક ફિલ્મો બને પરંતુ તેને દર્શકો સ્વિકારવા જોઈએ. હેલ્લારો ફિલ્મે સાબિત કર્યુ છે કે મજબૂત પ્રેઝન્ટેશન દર્શકોને પસંદ આવે છે. આ સાથે તેમણે યુવાનોમાં વધતી જતી આત્મહત્યાઓની સમસ્યા અંગે યુવાનોને શીખ આપતાં કહ્યું હતું કે સોશિયલ મિડીયા બહાર પણ એક સાચુકલી જીંદગી છે જેને ભુલવી ના જોઈએ. કાર્યક્રમમાં યુવાનોએ મોટેથી યશનો ફેમસ ડાયલોગ ચિંતા ના કરો, ચિંતન બધુ સંભાળી લેશે બોલતાં યશ સોની વિદ્યાર્થીઓ પર ઓળઘોળ થઈ ગયાં હતાં.

# આજથી રાજ્યભરમાં કલાયમેટ ચેન્જ અંગેના પંચામૃત - યુવા જાગૃતિ પખવાડિયું ઉજવાશે

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર ખાતેથી કરાશે શુભારંભ : ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભુજ, કેવડિયા, વડનગર ખાતેની સંસ્થાઓમાં વિવિધ વિષયો પર ચર્ચા-સેમિનારો યોજાશે : શાળા-કોલેજ કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન**

ગાંધીનગર, તા.૧૬

રાજ્યના કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા આગામી તા. ૧૭ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યભરમાં

કલાયમેટ ચેન્જ અંગેના પંચામૃત - યુવા જાગૃતિ પખવાડિયું ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો ઉદઘાટન સમારોહ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના મુખ્ય અતિથિ પદે પીડીઈયુ ગાંધીનગર ખાતેથી તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે. આ સમારોહમાં ક્લાઈમેટ ચેન્જ, પર્યાવરણ અને વન મંત્રી શ્રી કિરીટસિંહ રાણા તથા રાજયમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહેશે. હાલના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ

કલાયમેટ ચેન્જની દિશામાં ગુજરાતમાં સપ્ટેમ્બર, ૨૦૦૯માં અલાયદા કલાઈમેન્ટ ચેન્જ વિભાગની સ્થાપના કરવામાં આવી હતી. જે સમગ્ર એશિયામાં પ્રથમ અને વિશ્વમાં રાજ્ય સરકારનો ચોથો અલાયદો વિભાગ બન્યો છે. એમ ક્લાઈમેટ ચેન્જ વિભાગની યાદીમાં જણાવાયું છે.

આ પખવાડિયાના પૂર્વ કાર્યક્રમના ભાગરૂપે તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ ઓઝોન દિવસ' નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી ખાતે એક વિશેષ સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કલાઈમેટ ચેન્જ યુવા જાગૃતિ પખવાડિયા અંતર્ગત તા. ૧૭થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદ ખાતે સાયન્સ સીટી, આઈ-હબ, એએમએ, નિરમા યુનિવર્સિટી, ટાગોર હોલ, ભુજ ખાતે શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, સુરત ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, રાજકોટ ખાતે મારવાડી યુનિવર્સિટી, કેવડિયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા વડનગર ખાતે સરકારી પોલીટેકનીક જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં વિવિધ સ્પર્ધાઓ, કાર્યક્રમો, સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પખવાડિયા દરમિયાન કોલેજ કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ યોજાશે. જેમાં ક્લાઈમેટ ચેન્જ નિવારણ માટે નવીન વિચારો અંગેની સ્પર્ધામાં પુનઃપ્રાપ્ય ઉર્જા, જળ પ્રદૂષણ/સંરક્ષણ, ક્લાઈમેટ ચેન્જ માટે નાણા ભંડોળ, ઈલેક્ટ્રીક વાહન, હવા પ્રદૂષણ, ક્લાઈમેટ એકશન, શમન, અનુકૂલન, જમીન સંરક્ષણ/માટી બચાવો પ્રાકૃતિક ખેતી, કચરા વ્યવસ્થાપન જેવા વિષયો આવરી લેવાયા છે.

તેમજ પર્યાવરણ, કલાયમેટ ચેન્જ, વન, જૈવ વિવિધતા, કચરા વ્યવસ્થાપન જેવા વિષય ઉપર સૂત્ર લેખન સ્પર્ધા અને એનર્જી સ્ટોરેજ, બેટરી સંચાલિત વાહનો, જળ વ્યવસ્થાપન/રિસાયક્લિંગ, ઘન કચરા વ્યવસ્થાપન, પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન જેવા વિષયો પર જૂથ ચર્ચા પણ યોજાશે.

કલાઈમેટ ચેન્જને અટકાવવામાં સમાજના વિવિધ ઘટકોની ભૂમિકા, અન્નનો આદર, પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી, માટી બચાવો, પંચામૃત લક્ષ્યાંકો જેવા વિષયો પર વકતૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરાયું છે.

આ ઉપરાંત શાળા કક્ષાએ પણ વિવિધ સ્પર્ધાઓ યોજાશે. જેમાં પ્રદૂષણ, વનીકરણ, પૃથ્વી બચાવો, વૈશ્વિક તાપમાનમાં વધારો, પાણી બચાવો, અન્નનો આદર, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રીક વાહનો, ઓઝોન સ્તરમાં ગાબડા જેવા વિષયો પર ચિત્ર, પેઈન્ટિંગ, નિબંધ લેખન જેવી સ્પર્ધાઓ યોજાશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારના કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા વિવિધ સરકારી વિભાગોના ક્ષમતા નિર્માણ દ્વારા ક્લાઈમેટ ચેન્જ કાર્ય યોજનાનું આયોજન અને અમલીકરણ કરે છે તથા કલાઈમેટ ચેન્જની અસરો દૂર કરવા માટે સરકાર અને સમાજ વચ્ચે સેતુની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત અનુકૂલન અને શમનની પ્રોત્સાહક નીતિઓ અને પ્રકલ્પો શરૂ કરવા તેમજ પુનઃપ્રાપ્ય ઉર્જાઓના વપરાશને પ્રોત્સાહન અને ઊર્જા કાર્યક્ષમતા વધારવાના પ્રયત્નો કરવા તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરવી વગેરે તેના અન્ય મુખ્ય કાર્યો છે.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે ઓઝોન દિવસ ઉજવાયો




ગાંધીનગર, તા.૧૬

ગુજરાત સાયન્સ સિટી ખાતે આજે ઓઝોન દિવસની ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓ માટે માનવીના કદ જેટલી સાપ અને સીડીની મનોરંજક ઓઝોન રમતનું આયોજન કર્યું હતું. આ રમતમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી જોડાયા હતા અને રમત થકી ઓઝોનનું મહત્વ અને તેનું આવરણ પાતળું થવા માટે જવાદાર પરિબળો વિષે જાણ્યું હતું. આ ગેમ ખાસ કરીને ઓઝોન સ્તરના મહત્વ, તેને નષ્ટ કરતા પરિબળો અને તેમાં પડતાં ગાબડાં થી પૃથ્વીના જીવન પર થતી પ્રતિકૂળ અસર વિશે જાગૃતિ લાવવા માટે બનાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓઝોન દિવસની ઉજવણીની આ વર્ષની થીમ 'પૃથ્વી પર જીવનની સુરક્ષા માટે વૈશ્વિક સહયોગ' એટલે કે "ગ્લોબલ કોઓપરેશન પ્રોટેક્ટિંગ લાઈફ ઓન અર્થ" રાખવામાં આવી છે.

## આજે મહાનગર ભાજપ દ્વારા મહારૂદ્ર યજ્ઞ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાતની ધરતીના પનોતા પુત્ર, દેશનું ગૌરવ, સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો વગાડનાર એવા લોકલાડીલા અને યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન ૧૭ સપ્ટેમ્બરે તેમના આરોગ્યપ્રદ દીર્ઘાયુ માટે ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટીના વોર્ડ ૯ સંગઠન દ્વારા સેકટર ૩-એ સ્થિત વગડાવાળી માતાજીના મંદિર ખાતે 'મહારુદ્ર યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેનશ્રી જસવંત પટેલ,વોર્ડ સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ, નાગરિકો ઉપસ્થિત રહેશે. 'મહારુદ્ર યજ્ઞ' સવારે ૮.૩૦ એ શરૂ થશે અને સાંજે ૫.૧૫ કલાકે યજ્ઞની પૂર્ણાહૂતિ થશે.

# આજે ગાંધીનગરમાં વણઝારા સમાજ દ્વારા વડાપ્રધાનના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૨મા જન્મ દિવસની ભવ્ય ઉજવણી વણઝારા સમાજ દ્વારા ૧૭મી સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે.

આ ઉજવણી અવસરે ભારતમાં પહેલીવાર ૭૨૦૦૦ દીવડાઓથી વડાપ્રધાનની મુખાકૃતિ બનાવવામાં આવશે. જે એક વર્લ્ડ રેકોર્ડ બનશે. ૭૨ હવન કુંડમાં રૂદ્રીપાઠ કરાશે. આ ઉપરાંત વૃક્ષારોપણ, બ્લડ ડોનેશન જેવા કાર્યક્રમો યોજી કેક કાપીને ઉજવણી કરાશે. પ્રમુખ ગોવિંદજી વણઝારાની આગેવાની હેઠળ આ ઉજવણી કરાશે.

સવારે ૮ થી ૧૦ દરમિયાન ૭૨ વૃક્ષો બવાશે. સાતો સાત ૭૨ બોટલ રક્ત દાન કરાશે. બપોરે ૧૨ થી ૯ દરમિયાન ૭૨ ભુદેવો દ્વારા રૂદ્રિ યજ્ઞ કરશે. સાજે ૪ થી ૮ દરમિયાન સંગીત સુરાવલીનો કાર્યકમ આયોજન કર્યુ છે.

સાજે ૭ વાગે ૭૨ કિલોની ગ્રામની બર્થડે કેક કપાશે. ત્યાર બાદ ૭૨ હજાર દિવડાથી પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી મુખાકૃતિ રચાશે. આ ક્ર્યકમ વિશ્વમાં વિક્રમ જનક બનશે. બ્રહ્મ સમાજ ભવન પાછળના મેદાન માં તમામ ક્ર્યકમો યોજાશે.

# સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી શરૂ થનારી ઉજવણી સતત ૨૮ દિવસ સુધી ચાલશે**

ગાંધીનગર, તા. ૧૬

શિક્ષણ વિભાગ દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ, રિસર્ચ અને ઈનોવેશન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસથી શરૂ થનારી ઉજવણી સતત ૨૮ દિવસ સુધી ચાલશે. આત્મનિર્ભર ભારત માટે યુવાધનનું સશક્તિકરણના ધ્યેય સાથે રાજયની ૧૭૫ શૈક્ષણિક સંસ્થાઓમાં આ ફેસ્ટિવલ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે.

સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ, રીસર્ચ અને ઈનોવેશન ફેસ્ટિવલનો ઉદ્‌ઘાટન સમારોહ આવતીકાલે તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૨.૩૦ કલાકે શ્રી શક્તિ કન્વેન્શન સેન્ટર, વૈશ્વોદેવી સર્કલ, એસ.જી. હાઈવે, અમદાવાદ ખાતે યોજાશે. આ સમારંભના મુખ્ય અતિથિ તરીકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે શિક્ષણમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને રાજયકક્ષાના મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહેશે.

સતત ૨૮ દિવસ સુધી ચાલનારા આ ફેસ્ટિવલ અંતર્ગત સ્ટુડન્ય સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પૉલિસી (SSIPCO) અંતર્ગત યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને ગ્રાન્ટનું વિતરણ કરવામાં આવશે. ગુજરાત એક્રેડીટેશન એન્ડ રેન્કિંગ ઈન્સ્ટિયૂટ મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ડ - ગરીમાના લોગોનું અનાવરણ કરાશે. આ ઉપરાંત મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) ના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવશે. પીએચ.ડી. રિસર્ચ શોધકર્તા લાભાર્થીઓને સ્કીમ ઓફ ડેવલોપીંગ હાઈ ક્વૉલિટી રિસર્ચ સ્કીમ (SHODA) હેઠળ સહાયનું વિતરણ કરવામાં આવશે.

સ્ટુડન્ટ ઈનોવેશન એન્ડ સ્ટાર્ટઅપ ઈન્ડેક્સનું અનાવરણ પણ કરવામાં આવશે. રાજયની ૧૭૫ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ આ ઉજવણીમાં સામેલ થશે. મહિલા સ્ટાર્ટઅપ અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપનું સન્માન કરી આ ક્ષેત્રમાં એમ.ઓ.યુ. સાઈનીંગ કરવામાં આવશે.

# આજે શહેર ભાજપ યુવા મોરચા દ્વારા ‘મેગા બ્લડ ડોનેશન કેમ્પ’ યોજાશે

**શહેર ભાજપ દ્વારા ૨૫ સપ્ટેમ્બરે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિ નિમિત્તે મહાનગરમાં ૧૧ વોર્ડમાં ૧૧૦૦ વૃક્ષો રોપવાનો કાર્યક્રમ યોજાશે.**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગર મહાનગર ભાજપા યુવા મોરચાના મહામંત્રી હરેશ પટેલે જણાવ્યું છે હતું, દેશના લોકલાડીલા અને યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન ૧૭ સપ્ટેમ્બર થી પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨ ઓક્ટોબર સુધી ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા પખવાડિયા અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન થવાનું છે જેના ભાગરૂપે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ તેમજ પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. પ્રશાંત કોરાટના માર્ગદર્શન અને મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટની આગેવાનીમાં મહાનગર ભાજપા યુવા મોરચા દ્વારા વોર્ડ સઃ 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ' યોજાશે જેનું રજિસ્ટ્રેશન એપ મારફતે કરવામાં આવ્યું છે અને સર્ટિફિકેટ ડાઉનલોડ પણ એપ મારફત કરવામાં આવશે.

આ ઉપરાંત તા.૨૫ સપ્ટેમ્બરે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજયંતિ નિમિત્તે મહાનગરમાં ૧૧ વોર્ડમાં ૧૧૦૦ વૃક્ષો રોપવાનો કાર્યક્રમ યોજાશે. મહાનગર ભાજપા યુવા મોરચા દ્વારા ૨૫ સપ્ટેમ્બરે સવારે ૬.૦૦ કલાકે ચ-૫ સર્કલ થી ચ-૦ સર્કલ સુધી શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ યુવા મોરચાના કાર્યકર્તાઓ અને યુવાનોના સહયોગથી પાંચ કિમી લાંબી 'રન ફોર ડેવલપમેન્ટ' મેરેથોન યોજાશે. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ૭૩માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે પણ તેઓ આજે પણ યુવાન જેવી ઉર્જા સાથે અવિરતપણે કાર્યરત છે અને દેશને મજબૂત નેતૃત્વ આપી રહ્યા છે ત્યારે તેમની જેમ જ સૌ યુવાનો ઉર્જા સાથે દેશના નિર્માણમાં પોતાનું યોગદાન આપે તે નેમ સાથે 'રન ફોર ડેવલપમેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું છે.

## વિવિધ કાર્યક્રમો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કનુજી વણઝારાની આગેવાનીમાં પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણી નિમિત્તે શાનદાર કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સે-૧૬ બ્રહ્મભવનની પાછળના ભાગમાં સવારે ૮ કલાકે વૃક્ષારોપણ, ત્યારબાદ ૧૦ કલાકે બ્લડ ડોનેશન કેમ્પ, બપોરે ૧૨ કલાકે રૂદ્રિ યજ્ઞ, તેમજ સાંજે ૪ થી ૮ કલાક દરમિયાન સંગીતની સુરાવલીનો કાર્યક્રમ યોજવામાં આવશે. જયારે સાંજના ૬ કલાકે ૭૨ કીલોગ્રામની બર્થ ડેકેક પણ કાપીને પ્રધાનમંત્રીને જન્મદિવસની શુભેચ્છા પાઠવવામાં આવશે. કલાઈમેટ ચેન્જ દ્વારા પણ પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે તા ૧૭ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન યુવા જાગૃતિ પખવાડીયાની ઉજવણીનુ આયોજન કરાયુ છે. જયારે આ પખવાડીયાની ઉજવણીના પ્રારંભે પંચામૃત ફોર કલાઈમેટ ચેન્જ અંતર્ગત પી ડી પી યુ ખાતે બપોરે ૧૨ કલાકે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવશે. જેમાં કલાઈમેટ ચેન્જ, કલાઈમેટ રેઝીલીયન્સ, જળ વ્યવસ્થાપન , સ્ટાર્ટ અપ, નાંણાં ભંડોળ, ગ્રીન બિલ્ડીંગ , ઈલેક્ટ્રીક વાહનોનુ પરિવહન , પર્યાવરણ વન અને કલાઈમેટ ચેન્જ અંગેની યોજના અન્નનો આદર, કચરા વ્યવસ્થાપન સહીતના વિષય અંગે રોજબરોજ પાસ્ટ કાર્ડ શપથ , સેમિનાર, ઈલેક્ટ્રીક વાહનોની રેલી, પરિષદ, વાર્તાલાપ સહીતના કાર્યક્રમો યોજાશે. ગીફટ સીટી, સાયન્સ સીટી, પી ડી પી યુ નિરમા યુનિવર્સીટી અલબત્ત ગાંધીનગર સહીત અમદાવાદ, વડોદરા, વડનગર અને કચ્છમાં પણ કાર્યક્રમો યોજાશે. શિક્ષણ વિભાગ દ્વારા પણ સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ રીસર્ચ એન્ડ ઈનોવેશન ફેસ્ટીવલનુ આયોજન કરવામાં આવ્યુ છે. પોલિસી અન્વયે યુનિવર્સિટીઓ અને સંસ્થાઓને ગ્રાન્ટનુ વિતરણ , મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના લાભાર્થીઓને સહાયનુ વિતરણ પી એચ ડી તેમજ રીસર્ચ શોધકર્તાઓને પણ સ્કીમ હેઠળ સહાય, સ્ટુડન્ટ ઈનોવેશન એન્ડ સ્ટાર્ટ અપ ઈન્ડેક્ષનુ અનાવરણ સહીતના કાર્યક્રમો યોજાશે જેમાં શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણી સહીત શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## ધનાઢ્ય બન્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા હતા. ત્યાર પછી એપ્રિલમાં તેમણે માઈક્રોસોફ્ટના વડા બિલ ગેટ્સ (ૅિઙ્ગૈંઙ્ગ ય્ટ્ઠીજ)ને પાછળ રાખી દીધા અને નેટવર્થની દૃષ્ટિએ ચોથા ક્રમે પહોંચી ગયા હતા. ૬૦ વર્ષના ગૌતમ અદાણીએ અદાણી ગ્રૂપની સ્થાપના કરી છે અને એક નાનકડી ફર્મમાંથી વિરાટકાય ગ્રૂપ સુધી પહોંચ્યા છે.

## સમિટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતને મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની કોશિશ છે. કોરોનાના કારણે સપ્લાય ચેન પર અસર પડી. અમે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના પક્ષમાં છીએ. ભારતમાં ટેક્નોલોજી પર પૂરેપૂરું જોર છે. પીએમ મોદીએ કહ્યું કે અમે જન કેન્દ્રીત વિકાસ મોડલ પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યા છીએ.

# નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના રિપોર્ટ અનુસાર ગુજરાતમાં ગુનાખોરીમાં ઘટાડો નોંધાયો

**મહિલાઓ વિરુદ્ધના ગુનામાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૨.૧, જે ઓલ ઇન્ડિયા ક્રાઇમ રેટ ૬૪.૫ કરતા ઘણો ઓછો**

ગાંધીનગર, તા. ૧૬

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો (NCRB) દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુના સંબંધિત માહિતી એકઠી કરીને દર વર્ષે ‘ક્રાઈમ ઈન ઈન્ડિયા’ નામની પુસ્તિક બહાર પાડવામાં આવે છે. તેમાં એક લાખની વસ્તી સામે કેટલા ગુના નોંધાય છે, તે ગુનાનો દર (ક્રાઈમ રેટ) જણાવવામાં આવે છે. ‘ક્રાઈમ ઈન ઈન્ડિયા ૨૦૨૧’ના આંકડાં અનુસાર, ગુજરાતમાં વિવિધ પ્રકારના ગુનામાં રાષ્ટ્રીય આંકડાની સરખામણીએ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તેની પાછળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર દ્વારા લેવામાં આવેલા નોંધપાત્ર કાયદા સુધારા અને મક્કમ નેતૃત્વ કારણભૂત છે.



હિંસાત્મક ગુનાઓ, જેવા કે હત્યા, હત્યાનો પ્રયત્ન, બળાત્કાર, અપહરણ, લૂંટ વગેરે ગુનાઓમાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૧૧.૯ છે, જે સમગ્ર દેશના ક્રાઇમ રેટ ૩૦.૨ કરતા ઘણો ઓછો છે. તે સિવાય વર્ષ ૨૦૨૧માં ગુજરાતમાં ખૂનનો ક્રાઇમ રેટ ૧.૪ છે, જે ઓલ ઈન્ડિયા ક્રાઇમ રેટ ૨.૧ કરતા ઓછો છે. અપહરણના ગુનાઓનો ક્રાઇમ રેટ ગુજરાતમાં ૨.૩ છે, જે ઓલ ઈન્ડિયાના ક્રાઇમ રેટ ૭.૪ કરતા ઓછો છે. ગુજરાતમાં અપહરણના ગુનાના ક્રાઈમ રેટનો ટ્રેન્ડ જોઈએ, તો પાછલા વર્ષોની સરખામણીએ સતત ઘટાડો નોંધાયો છે. તેના આંકડા આ પ્રમાણે છે- ૨૦૧૮ (૩.૦), ૨૦૧૯ (૨.૭) અને ૨૦૨૧ (૨.૩). મહિલાઓ વિરુદ્ધના ગુનામાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૨.૧ છે, જે ઓલ ઈન્ડિયા ક્રાઇમ રેટ ૬૪.૫ કરતા ઘણો ઓછો છે. અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો જેવા કે આસામ (૧૬૮.૩), દિલ્હી (૧૪૭.૬), તેલંગાણા (૧૧૯.૭), રાજસ્થાન (૧૦૫.૪), પશ્ચિમ બંગાળ (૭૪.૬), કેરળ (૭૩.૩) અને આંધ્રપ્રદેશ (૬૭.૨) ની સરખામણીએ ગુજરાતમાં મહિલા વિરુદ્ધના ગુનાઓનો દર ખૂબ જ ઓછો છે.

બીજો એક નોંધપાત્ર સુધારો શરીર વિરુદ્ધના ગુનાઓ (ખૂન, ખૂનનો પ્રયત્ન, ગંભીર, ઈજા, બળાત્કાર વગેરે) માં ઓલ ઈન્ડિયા ક્રાઇમ રેટ ૮૦.૫ની સરખામણીએ ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૮.૬ રહ્યો છે. આ ગુનાના ક્રાઈમ રેટમાં કુલ ૩૬ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુજરાત ૩૧મા ક્રમાંકે છે. ચોરીના ગુનામાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૧૫.૨ છે, જે ઓલ ઈન્ડિયા ક્રાઇમ રેટ ૪૨.૯ કરતા ઘણો ઓછો છે. યાદીમાં ગુજરાત ૨૭મા ક્રમાંકે છે.